# રાજકોટ મહાનગરપાલિકા

ડૉ. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

===========================================================================

આર.એમ.સી./પી.આર.નં.:-૦૦૦૯

-: અખબારી યાદી:-

## ભારે વરસાદને કારણે લોકોની સલામતીના કારણોસર નાડોદાનગરમાં બેઠા પુલ પરનો રસ્તો મ્યુનિ. કમિશનરશ્રીએ બંધ કરાવ્યો

હાલ પાણીનો પ્રવાહ નિયંત્રણમાં હોવાથી રસ્તો પુનઃ ચાલુ કરવામાં આવેલ છે.

તારીખ: ૦૭-૦૯-૨૦૧૯

ચોમાસા દરમ્યાન રાજકોટ શહેરમાં વધુ પડતા વરસાદને પગલે જંગલેશ્વર પાસેના રસ્તા પર વધુ પાણીના લીધે લોકોની સલામતી જોખમમાં મુકવાની બાબતને ધ્યાનમાં રાખી મ્યુનિ. કમિશનરશ્રીની સુચનાથી રાત્રે રસ્તો બંધ કરવામાં આવ્યો હતો. જેથી કોઈ અકસ્માત ન સર્જાય.

ભારે વરસાદને લીધે ખોખડદડી નદીમાં પાણીનો પ્રવાહ વધવાથી જંગલેશ્વર થી ઇન્ડસ્ટ્રીઝ તરફ જતો રસ્તો કે જે ખોખડદડી નદી પર નાડોદાનગરમાં આવેલ બેઠા પુલ પરથી પસાર થાય છે, તેના પરથી પાણીનો વધુ પ્રવાહ થતા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પોલીસ બંદોબસ્ત રાખી લોકોની અવર-જવર બંધ કરી રસ્તો બંધ કરવામાં આવ્યો હતો.

હાલ, પાણીનો પ્રવાહ નિયંત્રણમાં હોવાથી રાજકોટ મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ દ્વારા ચકાસણી કર્યા બાદ રસ્તાને પુનઃ ચાલુ કરવામાં આવ્યો છે, તેમ મ્યુનિ. કમિશનરશ્રીએ જણાવ્યું હતું.

(જન સંપર્ક અધિકારી)
રાજકોટ મહાનગરપાલિકા


RAJKOT CITY POLICE

